# સે-૩/સી કલ્ચરલ સ્કવેરમાં નવદુર્ગાના પરિવેશમાં સજ્જ બાળકી આકર્ષણનુ કેન્દ્ર

## શેરી ગરબા સ્પર્ધાના આયોજકો પણ દંગ રહી ગયા : ચાંચર ચોકમાં અદભુત રંગોળી અને દિવડાઓના દિવ્ય પ્રકાશ વચ્ચે ગરબાની રમઝટ જામી

ગાંધીનગર તા ૨૫

શહેરમાં નવરાત પર્વ મધ્યાંતર તરફ છે. સેકટરોની શેરીઓમાં માં દુર્ગાની ભકિતમાં ભાવિકો તલ્લીન બન્યા



છે. સાંજ ઢળતા જ દિવડાઓના દિવ્ય પ્રકાશમાં માતાજીના ગુણગાન સાથે શકિતની ભકિતનો ઉજાસ પથરાય છે. શેરી ગરબામાં નવદુર્ગાની આરાધના સાથે ગરબાની રમઝટ જામે છે. સે-૩ સી માં કલ્ચરલ સ્કવેર ખાતે શેરી ગરબાની રંગત જામી હતી. સોસાયટીના રહીશો દ્વારા માતાજીના ચાંચર ચોકમાં અદભુત રંગોળીનુ સર્જન કરવામાં આવ્યુ હતુ. જયારે નવદુર્ગાના વેશમાં સજ્જ બાળકી ભાવિકોના આકર્ષણનુ કેન્દ્ર બની હતી. શેરી ગરબા સ્પર્ધાના આયોજકો પણ નવદુર્ગા સ્વરૂપ બાળકીને નિહાળી દંગ રહી ગયા હતા.

સે-૩ સી કલ્ચરલ સ્કવેર દ્વારા છેલ્લા ૨૩ વર્ષથી નવરાત મહોત્સવની ઉજવણીનું આયોજન કરવામાં આવે છે. સેકટરમાં માતાજીની ભકિત વંદના સાથે નવરાત મહોત્સવની અનોખી ઉજવણી કરવામાં આવે છે. દરરોજ માતાજીની આરતી બાદ સ્તુતિ વંદના અને ગરબાની રમઝટ જામે છે. આઠમના દિવસે બાલા તેમજ બટુક પુજન કરવામાં આવે છે. જયારે શરદોત્સવની ઉજવણીમાં પણ બાળકો તેમજ યુવા કલાકારો વિવિધ સાંસ્કૃતિક કૃતિઓ રજુ કરે છે. સેકટરોમાં યોજાતા શેરી ગરબાની સ્પર્ધામાં પણ કલ્ચરલ સ્કવેરનો પ્રથમ ત્રણ ક્રમમાં સમાવેશ થાય છે. જયારે ગઈકાલે પણ શેરી ગરબા સ્પર્ધાના આયોજકોએ કલ્ચરલ સ્કવેરની મુલાકાત લીધી હતી. મહીલા અગ્રણી લતાબેન ચોકસી , સુધીર દેસાઇ મીનળબેન ઓઝા સહીતની ટીમ શેરી ગરબા માંણવા મુલાકાતે આવી હતી. આ દરમિયાન તેઓ આયોજન નિહાળી ખુબ જ પ્રભાવિત થયા હતા.નવદુર્ગાના વેશષમાં સજ્જ બાળકીએ સૌ ના દિલ જીતી લીધા હતા. રંગોળીથી સુશોભિત ચાંચર ચોકમાં દિવડાઓના દિવ્ય પ્રકાશ વચ્ચે માતાજીના ગરબાનુ ગુંજન કરતી મહીલાઓએ સૌને દંગ કરી દીધા હતા. કલ્ચરલ સ્કવેર નવરાત્રિ મહોત્સવ સમિતિના વાસુદેવ અજબાણી, વિષ્ણુ પટેલ રામભાઇ પટેલ, સુરેશ જોષી, જયંત દેસાઇ, ધર્મેન્દ્રસિંહ ચૌહાણ સહીતના અગ્રણીઓએ આયોજનમાં જહેમત ઉઠાવી હતી.

# ઈન્ડિયન મેડીકલ એસોસીએશનમાં ડો. અનિલ ચૌહાણ સતત છઠ્ઠા વર્ષે પ્રમુખ તરીકે ચૂંટાયા

ઈન્ડિયન મેડીકલ એસોસીએશનની સામાન્ય સભા ગત તા. ૨૪/૯/૧૭ના રોજ યોજાઇ ગઇ.



જેમાં નવા વર્ષ માટે હોદેદારોની નિયુકિત કરવામાં આવી હતી. જે અંતર્ગત ડો. અનિલ ચૌહાણ – પ્રેસીડેન્ટ, ડો. જયેશ સોલંકી- સેક્રેટરી, ડો. કલ્પેશ પરીખ- વાઇસ પ્રેસીડેન્ટ, ડો. રશ્મિન પ્રજાપતિ- વાઇસ પ્રેસીડન્ટ, ડો. વિરલ લુહાર- જોઇન્ટ સેક્રેટરી, ડો. બંકીમ મોદી- ટ્રેઝરર, ડો. હર્ષદ રાઠોડ- આસી. સેક્રેટરી તથા ડો. વસંત પટેલ—આસી. ટ્રેઝરર તરીકે જંગી બહુમતીથી ચૂંટાઇ આવ્યા હતા. ઈલેકશન કમિશ્નર તરીકે ડો.કાન્તિભાઈ પટેલ તથા ડો. પિયુષ દવે દ્વારા સેવાઓ આપવામાં આવી હતી.



# પીએચ.ડી. થયા

જીવકોરબા ટ્રસ્ટ સંચાલિત સી.એસ.સામરીયા કોલેજ ઓફ કોમર્સના પ્રોફેસર મયુરી નિકુલભાઈ શુકલ એ અંગ્રેજી વિષયમાં પીએચડીની પદવી પ્રાપ્ત કરી છે.



સહજાનંદ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજના પ્રોફેસર ડો. દિગ્વિજયસિંહ ગોહિલના માર્ગદર્શન હેઠળ કેલોરેકસ ટીચર્સ યુનિવર્સિટી, અમદાવાદમાંથી પીએચડીની ડિગ્રી મેળવી છે. મયુરી શુકલાએ નવિન વિભાકરની નોવેલ શતરંજ નું મહોરુના ભાષાંતર વિષય સાથે પીએચડીની ડિગ્રી પ્રાપ્ત કરી છે.તેમને શાળા -કોલેજ પરિવાર તેમજ બ્રહ્મ સમાજ પરિવાર દ્વારા પણ અભિનંદન પાઠવવામાં આવે છે.

# ડીઈએલઈડી અને એનસીટીઈ કોર્ષના વિરોધમાં પ્રાથમિક શિક્ષકો આક્રમક મૂડમાં

## શિક્ષણ વિભાગ દ્વારા પરિપત્ર રદ નહીં કરાય તો ઉગ્ર આંદોલન થશે

ગાંધીનગર, તા.૨૫

ગુજરાત રાજયમાં પ્રાથમિક શાળામાં ફરજ બજાવતા સીપીએડ, બીપીએડ અને એટીડીની લાયકાત ધરાવતા હજ્જારો શિક્ષકોને બિન તાલિમી ગણીનો ડી.ઈએલ.ઈડી.કોર્ષ ફરજીયાત કરવો તેમજ તાલિમી સ્નાતક સાથે નિમણુંક પામેલા તેમજ ધો-૧ થી ૫માં ફરજ બજાવતા હોય તેઓને એનસીટી માન્યતા પ્રાપ્ત ૬ માસનો કોર્ષ ફરજીયાત આગામી તા. ૩૧-૩-૧૯ પહેલા કરવાનો રહેશે અન્યથા રાજય સરકાર દ્વારા માન્યતા મુજબ કોર્ષ ન કરેલા હોય તેવા શિક્ષકોને બરતરફ પણ કરી શકે તેવા એંધાણ વર્તાઈ રહ્યા છે. ત્યારે રાજયભરમાં પ્રાથમિક શિક્ષણમાં ફરજ બજાવતા હજ્જારો કર્મચારીઓમાં રોષ ભભુકી ઉઠયો છે. જેને પગલે સોમવારના રોજ જિલ્લાભરમાંથી પ્રાથમિક વ્યાયામ શિક્ષકો સેકટર-૧૩ ખાતે એકઠા થયા હતા. જેમાં ચર્ચા અને ચિંતન




બાદ આગામી રણનિતી ઘડી હતી. ત્યારબાદ શિક્ષણ વિભાગના આ પરિપત્રને તાત્કાલીક અસરથી રદ કરવા ગુજરાત પ્રાથમિક વ્યાયામ શિક્ષક હિત રક્ષક સમિતિના નેજા હેઠળ પ્રાથમિક શિક્ષણ નિયામકને આવેદન પત્ર પાઠવી રજુઆત કરી છે અને યોગ્ય નિર્ણય નહીં આવે તો કર્મચારીઓ ઉગ્ર લડતના મંડાણ કરશે.

સીપીએડ, એટીડી અને તાલિમી લાયકાત ધરાવતા રાજય પરિક્ષા બોર્ડ ગુજરાત દ્વારા આ તાલિમી કોર્ષ ધરાવતા શિક્ષકોની ભરતી રાજય સરકાર દ્વારા વર્ષ ૨૦૦૯માં કરવામાં આવી હતી.ત્યારે આ તમામ શિક્ષકોને કેવી રીતે કયા નિયમો ના આધારે બિન તાલિમી ગણી શકાય..? આ તમામ કોર્ષ એનસીટીઈએ નક્કી કરેલા

● અનુસંધાન પાના - ૭ પર

# કોન્ટ્રાક્ટ અને ફિકસ પગાર સંઘર્ષ સમિતિના પ્રમુખે અન્ન-જળના ત્યાગની ચિમકી ઉચ્ચારી

કોન્ટ્રાક્ટ અને ફિક્સ પગાર સંઘર્ષ સમિતિ દ્વારા લાંબા સમયથી અગિયાર માસના કરાર આધારિત આઉટસોર્સિંગ રોજમદાર માનદ વેતન સફાઈ કામદારોના શોષણના વિરોધમાં તેમજ વર્ગ-૪ની કાયમી ભર્તી ફરી શરૂ કરવા લડત ચલાવવામાં આવી રહી છે. અને આ શોષણભરી નિતિઓના વિરોધમાં સમિતિ દ્વારા ગત ૧૧ સપ્ટેમ્બરના રોજ માસ સીએલનુંએલાન કરવામાંઆવ્યુંહતું. અનેસરકારને ૨૬ ઓકટોબરના રોજ કોન્ટ્રાકટ કર્મચારીઓ માટે સમાન કામ સમાન વેતનના મુદ્દે અપાયેલ ચુકાદાનું રાજ્યમાં અમલવારી કરવા તેમજ કર્મચારીઓનેજોબ સિક્યોરિટી આપવા સાત દિવસનું અલ્ટીમેટમ આપેલ છે. પરંતુ ગુજરાત સરકાર દ્વારા આ માંગણીઓ ધ્યાને લેવાની જગ્યાએ કર્મચારીઓને નોકરીમાંથી કાઢી મુકવાની ધમકીઓ આપવાનુંશરૂ કરી કર્મચારીઓના આક્રોશને દબાવવા પ્રયાસ કરવામાં આવી રહ્યો છે તેમ છતાંય ઘણા જિલ્લાઓના કર્મચારીઓ ધમકીનેવશ ના થતાં હડતાલમાં જોડાઈ ગયા છે.

આજથી કોન્ટ્રાક્ટ પર કામ કરતા મેડિકલ ઓફિસર અને એનએચએમના કર્મચારીઓ પણ કોન્ટ્રાકટ અને ફિક્સ પગાર સંઘર્ષ સમિતિની લડતનેટેકો આપી હડતાલમાં જોડાઈ જતા લડત વેગીલી બની ગી છે. આજે ગાંધીનગરમાં સમિતિના નેજા હેઠળ મોટી સંખ્યામાં કર્મચારીઓ પ્રતિક ઉપવાસ પર ઉતરી સરકારની શોષણકારી નિતિઓ સામે આક્રોશ વ્યક્ત કર્યો હતો. કોન્ટ્રાક્ટ અને ફિક્સ પગાર સંઘર્ષ સમિતિના પ્રમુખ રજનીકાંત સોલંકીએ જણાવ્યુંકે ગુજરાતનો ૭૦ ટકા વહીવટ આ કર્મચારીઓથી ચાલે છે. રાજ્યને વિકસિત અને ગતિશીલ બનાવવામાં આ કર્મચારીઓનો સિંહફાળો છે તેમ છતાંય એમને યોગ્ય વેતન આપવાની જગ્યાએ નોકરીમાંથી કાઢી મુકવાની ધમકીઓ આપી ખુબજ ઓછા વેતનમાં ગજા બહારનું કામ કરાવવામાં આવે છે. સરકાર માંગણીઓને ધ્યાને નહી લેવામાં આવે તો આગામી ૨ ઓક્ટોબર ગાંધી જયંતિના રોજ સત્યાગ્રહ છાવણી ખાતે અન્ન-જળનો ત્યાગ કરવાની ચીમકી પણ રજનીકાંત સોલંકીએ ઉચ્ચારી છે.

# લોકરક્ષક ભરતીમાં વેઈટીંગ લીસ્ટ અપડેટ કરવા ઉમેદવારોની માંગ

ગુજરાત સરકારે વેઈટીંગ લીસ્ટને વેબસાઈટ પર અપડેટ કર્યું નથી. ૨૦ ટકા વેઈટીંગ જાહેર કરેલું હતું. તો તેની સામે ૪ ટકા કેમ અપેડટ કર્યું. તેવો આક્ષેપ ઉમેદવારોએ કયો છે. આજે ઉમેદવારો ગાંધીનગર ખાતે આવી પહોંચ્યા હતા અને વેઈટીંગ લીસ્ટ સત્વરે અપડેટ કરવા તંત્ર સમક્ષ રજુઆત કરી હતી.

૮૫૩ હથિયારી અને બિન હથીયારી પુરુષ અને જેલ સિપાઈના ૧૩૦, ૯૮૩ અને ૮૦૦ થી વધારે એસઆરપીમાં સિલેકટ થયેલા ઉમેદવારો હાજર નથી થયા. તેથી બધાનું ટોટલ ૧૭૮૩ તો તેની સામે ૭૦૦ નું વેઈટીંગ કેમ ખોલ્યું છે.અમદાવાદમાં ૨૮૦૦ ઉમેદાવારોની નિમણુંક ફાળવવામાં આવી હતી જેની સામે માત્ર ૧૮૦૦ જ હાજર થયા હતા તેવું જાણવા મળ્યું હતું. જો ભરતી પારદર્શક હોય તો વેઈટીંગ પારદર્શક કેમ રાખવામાં આવેલ નથી. જો માત્ર ૭૦૦ ઉમેદવારોને વેઈટીંગમાં લેવાના હતા તો ૩૫૦૬ ઉમેદવારોને વેઈટીંગમાં રાખવાનો મતલબ શું.બિન હથિયારી અને હથિયારી, જેલ સિપાઈ, એસઆરપી આ બધાની ભરતી એક સાથે કરવામાં આવતી હોય તો પ્રતિક્ષા યાદી કેમ મુકવામાં આવી તે સમજાતું નથી. જે તે કેટગરીના ઉમેદવારોનું વેઈટીંગ ખુલી જાય અને છતા પણ તે કેટગરીની જગ્યા ખાલી હોય તો અન્ય કેટગરીમાંથી જગ્યા ભરવામાં આવે તેવી રજુઆત સાથે ઉમેદવારોએ આવેદન પત્ર પાઠવી રજુઆત કરી છે.

